અપીલ અરજી નં.૨૯૪ તા.૯–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી શાહ ભુપેન્દ્રકુમાર અમૃતલાલ

સામાવાળાઃ– (૧)શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
(૨)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
(૩) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી શાહ ભુપેન્દ્રકુમાર અમૃતલાલની તા.૯–૧૦–૦૯ ની અરજીથી (એ) મોગલસરાઈ બિલ્ડીંગની એસ.એમ.સી. કયારથી ઉપયોગ કરે છે? આ મુગલીસરાઈ કયારે બંધાયેલ છે અને તેનું ઐતિહાસીક મહત્વ શું છે? (બી) ગેરકાયદેસર દબાણ તથા ગેરકાયદેસર દબાણ કરીને બાંધેલ કાચી–પાકી દુકાનો બાબતની તા.૨૧–૮–૦૯ ના રોજ કરેલ બે (૨) અરજીઓ અંગે માહિતી (૧) આ બંને અરજીઓ અંગે થયેલ કાર્યવાહીની દૈનિક પ્રગતી અહેવાલ આપશો.(૨) આ અરજીઓ કયારે અને કયા અધિકારી પાસે પહોંચી તેમજ આ અધિકારી પાસે કયાં સુધી રહી અને તે સમય ગાળામાં તેમણે અરજી અંગે શું કાર્યવાહી કરી.(૩) આ અરજી જે અધિકારી પાસે પહોંચી હોય તેમના નામ અને હોદ્દો જણાવશો. (૪) આ અરજી બાબતે જે તે અધિકારીઓએ કામગીરી ના કરેલ હોય તેમની સામે શું કાર્યવાહી થઈ શકે અને આ કાર્યવાહીના પગલાં કયાં સુધીમાં લેવામાં આવશે તે અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૯–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૨૯૪/૨૦૦૯–૧૦

શ્રી શાહ ભુપેન્દ્રકુમાર અમૃતલાલની તા.૯–૧૦–૦૯ ની અરજી બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આ./૧000 તા.૩–૧૧–૦૯ , ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.પશ્ચિમઝોન/આ./૪૩૪ તા.૭–૧૧–૦૯ ,કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી હાઉસીગના પત્ર નં. હાઉસીંગ /આ./૭૧૦ તા.૧૩–૧૧–૦૯ થી આપેલ માહિતના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૨૮ તા.૧૬–૧૨–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ) તથા અરજદારને અપીલ અરજીના પ્રથમદર્શી આધાર અને સમર્થન રજૂ કરેલ નથી જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૫૪૩ તા.૨૪–૧૨–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં નોંધ વિભાગ, ગેરકાયદેસર બાંધકામ અંગે જૈમિનિ મહેશકુમાર શાહ અને અન્ય ઈસમોને પશ્ચિમઝોન તરફથી નં.ટીડીઓ/૨૬ તા.૧૩–૧૦–૦૯ થી બીપીએમસી એકટની કલમ–૨૬૦–(૧) (અ) મુજબની આપ્યાની નકલ તથા અરજદારને વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૪૩૪ તા.૭–૧૧–૦૯ થી અરજદારને આપેલ માહિતી પત્રની નકલ રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી હાઉસીંગ/આ.નં.૮૬૧ તા.૨–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળી છે. જેમાં અરજદારને આપેલ માહિતી પત્ર નં.હાઉસીંગ/આ.નં.૭૧૦ તા.૧૩–૧૧–૦૯ ના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી સે.ઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક માહિતી મળેલ નથી. તેમજ અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક માહિતી મળેલ નથી.

અરજદારની તા.૯–૧૦–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભમાં મુદ્દા નં. એ અને બી અંગે સેન્ટ્રલઝોનમાં નાગરિક સુવિધા ખાતે તા.૯–૧૦–૦૯ ના રોજ માહિતી માંગતી અરજી કરવામાં આવેલ છે જે સે.ઝોન/ આરટીઆઈ /જાવક/૯૭૩ તા.૧૪–૧૦–૦૯ ના રોજ કાર્યપાલક ઈજનેર વેસ્ટઝોન/ટાઉનપ્લાનરશ્રીને તબદીલ કરવામાં આવેલ. જે નગરનિયોજક અને મ. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી નં.ટીડીઓ/૩૧૧૪ તા.૧૦–૧૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર (રાંદેરઝોન, સેન્ટ્રલઝોન અને હાઉસીંગ)ને તબદીલ કરવામાં આવેલ. જે પૈકી મુદ્દા નં.(એ)(૧) મોગલસરાઈ બિલ્ડીંગની એસ.એમ.સી. કયારથી ઉપયોગ કરે છે? તેવા પ્રશ્નના જવાબમાં સને ૧૮૫૨ થી સદર બિલ્ડીંગનો એસએમસી ઉપયોગ કરે છે. (૨) આ મુગલીસરાઈ કયારે બંધાયેલ છે. તેવા પ્રશ્નના જવાબમાં સને૧૬૪૪ માં મુગલીસરાઈ બિલ્ડીંગ બંધાઈ ૩.મુગલીસરાઈ બિલ્ડીગનું ઐતિહાસીક મહત્વ શું છે? તેવા પ્રશ્નના જવાબમાં તે સમયના મોગલ રાજા રાજય કરતાં જહાંઆરાએ વહીવટ અમલદાર (સુબેદાર) તરીકે હકીકતખાનને નીમેલ. તેમને સુરત શહેરના બંદરની જાહેજલાલીના કારણે સુરત શહેરમાં બહારથી આવતાં વેપારી, મુસાફરો, હાજીઓ તથા બહારના આમ આદમીઓની રહેવા ખાવાની તકલીફને ધ્યાને લઈ પોતાના વહીવટ કુશળતા અને ઉદારતાની વિચાર સરણીને લીધે સુરત બંદરની તથા મહેસુલ આવકની વસુલાત માટે મુસાફરો વિગેરે મુશ્કેલીઓને લઈ બંદર નજીક જગ્યા પસંદગીની રહેવા ખાવાની સવગડવાળી બનાવેલ જેનું નામ "આલીશાન હુમાયુ સરાઈ" આપેલ. જે કોઈ પણ જાતના ધર્મના ભેદભાવ વગર ઉપયોગમાં લેવા " મુબારક મુસાફરખાનુ" તરીકે સને ૧૬૪૪ માં બનાવેલ. જે હાલમાં મહાનગરપાલિકા વાપરે છે.

સુરતના ઈતિહાસની વધુમા માહિતી માટે જરૂર જણાય તો સુમપાના નાગરીક સુવિધા કેન્દ્રમાં અરજી કરી પુસ્તકનું મુલ્ય ૨૮૦ ભરી ભરવામાં આવતાં " સુરત સોનાની મુરત" પુસ્તક ઉપલબ્ધ જેમાં ઘણી બધી માહિતી છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારના (બી) ગેરકાયદેસર દબાણ તથા ગેરકાયદેસર દબાણ કરીને બાંધેલ કાચી–પાકી દુકાનો બાબતની તા.૨૧–૮–૦૯ ના રોજ કરેલ બે (૨) અરજીઓ અંગે માહિતી અંગે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૦૦૦ તા.૩–૧૧–૦૯ થી અરજદારને પત્ર પાઠવી મુદ્દા નં.બી અન્વયે તા.૨૧–૮–૦૯ થી નાગરિક સુવિધા કેન્દ્રમાં કરેલી અરજી પશ્ચિમઝોનમાં મોકલેલ છે. જયારે સેન્ટ્રલઝોનની અરજી બાબતે મહેરપાર્ક, આરકે. સેનેટરી, વેરની નીચે, રીંગરોડ ઉપર, વનિતા વિશ્રામની ગ્રાઉન્ડની સામે અઠવાગેટના મેઈન રોડ પર ફાસ્ટફુડની દુકાન ધ્વારા મેઈન રોડ પર દબાણ કરેલ હોવાનું માલુમ પડેલ નથી તેવું જણાવવામાં આવેલ છે. જયારે પશ્ચિમઝોન તરફથી અરજદારને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ આ.નં. ૪૩૪ તા.૭–૧૧–૦૯ થી મુદ્દા નં બી પૈકી (૧)સદર અરજી અંગે થયેલ કાર્યવાહીના દૈનિક અહેવાલના પ્રશ્ન બાબતે તે મિલ્કતદારને બીપીએમસી એકટની કલમ–૨૬૦ (૧)(અ) મુજબ કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ છે જેની નકલ પ્રતિ રૂા.૨/– લેખે રૂા.૪/ ભરપાઈ કરીને ઉપલબ્ધ થઈ શકશે. મુદ્દા નં.બી પૈકી મુદ્દા નં.૨ આ અરજી કયારે અને કયા અધિકારી પાસે પહોંચી તેમજ આ અધિકારી પાસે કયાં સુધી રહી અને સમયગાળામા તેમણે અરજી અંગે શું કાર્યવાહી કરી તેમાં સદર અરજી તા.૨૫–૮–૦૯ ના રોજ ઝોનલચીફ એમડી. દારૂવાલા પાસેથી તા.૨૭–૦૮–૦૯ ના રોજ કાર્યપાલક ઈજનેર આર.વી. ગામીત પાસેથી આસી. ઈજનેર આર.પી. પટેલ પાસે પહોંચી. સદર બાબતે જે તે અધિકારીના લખાણવાળી અરજીની નકલ, રૂા.૨/– ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. જે અંગે અરજદારે મુદ્દા નં.બી પૈકી ૧ અને ૨ ની માહિતી જાહેર માહિતી અધિકારીએ જણાવેલ દસ્તાવજે ફી રૂા.૬/– ભરપાઈ કરીને અરજદારે રસીદ નં.૧૭૨૧૩૭ તા.૨૩–૧૧–૦૯ ના રોજ મેળવેલ છે. મુદા નં.બી પૈકી (૩) અરજી જે અધિકારી પાસે પહોંચી હોય તેના નામ અને હોદ્દા જણાવશો. જે અંગે અરજી ઝોનલચીફ શ્રી એમ ડી. દારૂવાલા પાસેથી કાર્યપાલક ઈજનેરશ્રી આર. વી. ગામીત પાસેથી આસી. ઈજનેર શ્રી આર. પી. પટેલ પાસે પહોંચી. મુદ્દા નં.બી પૈકી (૪) અરજી બાબતે જે તે અધિકારીઓએ કામગીરી કરેલ ન હોય તો તેમની સામે શું કાર્યવાહી થઈ શકે અને આ કાર્યવાહીના પગલા ત્યાં સુધી લેવામાં આવશે તે જણાવશો તેવા પ્રશ્નના જવાબમાં આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની નકલની માહિતી આપવાની હોય છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન),ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી શાહ ભુપેન્દ્રકુમાર અમૃતલાલ